* U A - 0 1 0 8 *

# UA-0108

## Third Year B. A. Examination

**February/March – 2012**

## Gujarati : Paper - VI

**(કમ્પ્યુટર પરિચય અથવા નિબંધ, ગદ્ય વિવરણ, કાવ્ય રસદર્શન, છંદ, અલંકાર)**

Time : Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **THIRD YEAR B. A.**

Name of the Subject :
☛ **GUJARATI : PAPER - 6**

☛Subject Code No. : **0 1 0 8** ☛Section No. (1, 2,.....) : **Nil**

Seat No. :

Student's Signature

(૨) બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

(૩) અક્ષર અને જોડણી, મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવાશે.

(૪) કમ્પ્યુટરના પ્રશ્નોનો જવાબ આપનારે નિબંધના પ્રશ્નનો જવાબ આપવાનો નથી.

૧ કોમ્પ્યુટર એટલે શું ? તે સમજાવી કમ્પ્યુટરના વિવિધ ક્ષેત્રના વિનિયોગની વિગતે ચર્ચા કરો. ૧૪

**અથવા**

૧ નીચેનામાંથી ગમે તે **બે** વિશે વિવરણાત્મક નોંધ લખો :

(૧) સુપર કમ્પ્યુટર

(૨) માઈક્રો કમ્પ્યુટર

(૩) સ્મૃતિ સંચય

(૪) કૉમ્પ્યુટરનો ગુજરાતી સાહિત્યમાં વિનિયોગથી થતા લાભ.

**અથવા**

૧ નીચેનામાંથી ગમે તે **એક** વિશે નિબંધ લખો.

(૧) મારી પ્રિય સાહિત્ય કૃતિ

(૨) મારો પ્રિય સાહિત્યકાર

(૩) યૌવન એક સમસ્યા

(૪) આજના વિદ્યાર્થીની અભ્યાસનિષ્ઠા

૨ ગમે તે **એક** ગદ્યખંડનું વિવરણ કરો. ૧૪

એક અરીસા ઉપર જો કચરો અને ધૂળ જામી ગયો હોય તો તેમાં આપણું પ્રતિબિંબ જોઈ શકાતું નથી, તે જ રીતે અજ્ઞાન અને દુષ્ટતા આપણા હૃદયના અરીસા ઉપર કચરા અને ધૂળ સમાન છે. જેમાં આપણે આપણી જાતનો જ સૌથી પ્રથમ વિચાર કરીએ છીએ તે સ્વાર્થીપણું મોટામાં મોટું પાપ છે. જે એમ વિચારે છે કે, 'હું પહેલાં ખાઈ લઈશ, હું બીજાઓ કરતાં વધુ ધન મેળવીશ અને બધું જ મારી પાસે જ રાખીશ તે મનુષ્ય સ્વાર્થી છે. નિઃસ્વાર્થ મનુષ્ય કહે છે, 'હું છેલ્લો રહીશ, હું સ્વર્ગમાં જવાની દરકાર કરતો નથી, વળી જો નરકે જવાથી પણ મારા ભાઈઓને હું મદદરૂપ થઈ શકું તો હું નરકે જવા પણ તૈયાર છું' આ નિઃસ્વાર્થવૃતિ જ ધર્મની કસોટી છું.

- સ્વામી વિવેકાનંદ

**અથવા**

૨ અભ્યાસનું મહત્ત્વ આપણા દેશમાં બહું લાંબા કાળથી સમજાયેલું છે. પણ અભ્યાસ સાથે બીજી કેટલીક બાબતો પર ધ્યાન ગયું નથી. અભ્યાસ વિના સંસ્કાર દઢ થતાં નથી એ જણાયું એટલે ગમે તે રીતે આપણે અભ્યાસ કરાવવા મથીએ છીએ દરેક ક્રિયા ત્રણ રીતે કરી શકાય છે. ભયથી, લાલચથી, કે પ્રેમથી. (ભયથી અને લાલચથી પણ સંસ્કાર પાડી શકાય છે. એમાં અભ્યાસ કરનારની વિવેક બુદ્ધિ ખીલવવી નથી પડતી સરકસના મેનેજરો જનાવરોને ભયથી જ કેળવે છે. શાળામાં શિક્ષકો પણ એ જ રીત અજમાવે છે. ઘણાં ધર્મગુરુઓ પણ ભય કે આશા બતાવીને સારી ટેવો પાડવાનો પ્રયત્ન કરે છે. પણ આ રીતે પાડેલી ટેવોમાંથી જ્યારે વિશ્વાસ ઊઠી જાય ત્યારે સૈકાની ટેવો પણ થોડા જ સમયમાં નાશ પામે છે.

- કિશોરલાલ મશરૂવાળા

૩ ગમે તે એક કાવ્યનું રસલક્ષી વિવરણ કરો. ૧૪

*વસંત પરોઢે*

બારણું ખૂલ્યું કે કોઈ ડોકિયું કરી ગયું
ઊઠ અલ્યા, ઊંઘણ શી ઘોર !
ફાગણ શા ફાગણને આંગણિયે આમ
તું શું ઘોરે ? જો જાગી ગઈ ભોર.
એ કોણ' તું જે ફુંક જેવું ફુંકાયું પ્રાણમાં ?
ને ઝુંક જેવું ચૂંચવાયું આંખે ?
પાકી લીંબોળીઓની ફોર તો એ નહીં હોય ?
મારું મન ભ્રમણામાં ભાખે ?
ઊછળી નહીં હોય ગંધ આંબા તે મોરની શું
કડવી આ ઘર લગી છોળ ? - બારણું

ખોલીને જોંઉ છું તો રૂપ જેવું કોઈ નહીં,
પલપલની પાંપણે ઉઘાડ
પાનપાન આડ લઈ કલબલતું કાન મહાં
એક આખું પંખીની ઝાડ઼ !
તો ફુંક કરી કોણ ગયું ? ફાગણની ફોર કે આ
પાંખો કે પાંદડાંનો શેર ! બારણું.

- ઉશનસ્

**અથવા**

**એમ પણ બને**

પકડો કલમને કોઈ પળે એમ પણ બને,
આ હાથ આખેઆખો બળે એમ પણ બને !
જયાં પહોંચવાની ઝંખના વરસોથી હોય ત્યાં -
મન પહોંચતાં જ પાછું વળે એમ પણ બને,
એવું છે થોડું છેતરે રસ્તા કે ભોમિયા ?
એક પગ બીજા પગને છળે એમ પણ બને !
જે શોધવામાં જિંદગી આખી પસાર થાય,
નં એ જ હોય પગની તળે એમ પણ બને !
તું ઢાળ ઢોલિયો હું ગઝલનો દીવો કરું,
અંધારું ઘરમે ઘેરી વળે એમ પણ બને !

- મનોજ ખંડેરિયા

૪ (અ) નીચેનામાંથી કોઈ પણ બે છંદની ઉદાહરણ સહિત સમજૂતી આપો. ૧૪

(૧) મંદાક્રાન્તા
(૨) સ્ત્રગ્ધરા
(૩) શાર્દૂલ વિક્રિડિત
(૪) હરિગીત

(બ) નીચેની પંક્તિઓમાંથી કોઈ પણ બેના છંદ ઓળખી બંધારણ સમજાવો.

(૧) ભમો ભરતખંડમાં સકળ ભોમ ખૂંદી વળી
(૨) વળાવી બા આવ્યાં જીવન ભર જે સર્વ અમને
(૩) આ જ મ્હારાજ જલ પર ઉદય જોઈને ચંદ્રનો હૃદયમાં હર્ષ જામે.
(૪) જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની.

૪ (અ) ઉત્પ્રેક્ષા, રૂપક, વ્યતિરેક અને વ્યાજસ્તુતિમાંથી કોઈ પણ બે અલંકારની સદષ્ટાંત ચર્ચા કરો. ૧૪

(બ) નીચેની પંક્તિઓમાંથી કોઈ પણ બેના અલંકાર ઓળખાવી કાવ્યત્વને સ્ફૂટ કરો.

(૧) માળા ગૂંથી ગુંથી લાવે
સાગર રાણો ફુલડાં ગુંથી લાવે !

(૨) ફૂલ રાણી શી ચમેલી

(૩) અમે રે સૂંકું રૂનું પુમડું
તમે અત્તર રંગીલા રસદાર

(૪) મા તે મા બીજા બધાં વનવગડાના વા.

---